અપીલ અરજી નં.૭ તા.૬–૪–૧૧/૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી પંકજભાઈ પાટીલ
સામાવાળાઃ– ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય વિભાગ)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પંકજભાઈ પાટીલની તા.૩૧–૧–૧૧ની અરજીથી મિનરલ વોટર સપ્લાયમાં વપરાતા પ્લાસ્ટીક જારની કોઈ એકસપાયરી ડેટ હોય કે કેમ? મિનરલ વોટર સપ્લાયર્સએ પાણી બાબતમાં શું શું તકેદારી રાખવી વિ. માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૦૬–૪–૧૧ ની **SMC/FAP/** નં.૭ /૨૦૧૧–૧૨

શ્રી પંકજભાઈ પાટીલની તા.૩૧–૧–૧૧ની અરજીથી મિનરલ વોટર સપ્લાયમાં વપરાતા પ્લાસ્ટીક જારની કોઈ એકસપાયરી ડેટ હોય કે કેમ? મિનરલ વોટર સપ્લાયર્સએ પાણી બાબતમાં શું શું તકેદારી રાખવી વિ. માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર(હે અને હો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ) ના પત્ર નં.પીએચડી/ફુડ/૧૧૧૪ તા.૨૮–૩–૧૧ થી આપેલ માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૦૬–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩ તા.૧૩–૪–૧૧ થી ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય વિભાગ) તથા અરજદારને અપીલ અરજીમાં માંગેલ મુળ માહિતિ, ફી ભર્યાની વિગત તથા તે પૈકી મુળ માંગેલ પૈકી નહીં મળેલ કે મળેલ માહિતી અંગે નારાજગીની વિગતો જણાવેલ ન હોઈ તે જણાવવા સાથે મુળ અરજીથી માંગેલ માહિતિ પુરતું જ અપીલનું કારણ ઉત્પન્ન થાય તેવું સૂચિત કરતાં પત્ર સહ તે સંદર્ભે વિગતો મોકલી આપવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તેમના પત્ર નં.પીએચડી/ ફુડ/૧૯૧ તા.૧૮–૫–૧૧ થી અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/આ/આ.નં.૭૭ તા.૫–૨–૧૧ થી ચીફ ફુડ ઈન્સ્પેકટરને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ તથા અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.જાવક/પીએચડી/ફુડ/૧૧૧૪ તા.૨૮–૩–૧૧ ના પત્રની નકલ પૂરક વિગતોમાં મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા. ૩૧–૩–૧૧ ની અરજીથી મીનરલ વોટર વિશે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/આ/આ.નં.૭૭ તા.૫–૨–૧૧ થી ચીફ ફુડ ઈન્સ્પેકટરને અરજી તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/ફુડ/ ૧૧૧૪ તા.૨૮–૩–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ માહિતી સંતોષકારક નથી તેવું જણાવી તા.૬–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. મુદ્દા નં.૧ મીનરલ વોટર સપ્લાયમાં વપરાતા પ્લાસ્ટીક જારની કોઈ એકસપાયરી ડેટ હોય કે કેમ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ પ્રત્યુત્તરમાં આવી કોઈ એકપાયરી ડેટ હોતી નથી તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં મીનરલ વોટર જારની એકપાયર ડેટ હોતી નથી તો એમાં ગુણવત્તાનું ધોરણ તો નકકી હશેને તેની માહિતી આપો તેવો મુળ અરજીથી અલાયદો અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. મુદ્દા નં.૨ મિનરલ વોટર સપ્લાયર્સએ પાણી બાબતમાં શું શું તકેદારી રાખવી જોઈએ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કાયદામાં નિર્દિષ્ટ ધારાધોરણ મુજબનું પાણી હોવું જોઈએ. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં આપેલ પ્રત્યુત્તરના સંદર્ભે કાયદામાં નિર્દિષ્ટ ધારા ધોરણ કયા તે જણાવશો. તેવો પૂરક પ્રશ્ન મુળ અરજીથી અપીલ તબકકે ઉપસ્થિત કરેલ છે. મુદ્દા નં.૩ સપ્લાય કરવામાં આવતાં જાર અને પાણીની ગુણવત્તા કેવી રીતે ચકાસી શકાય અને તેમની આપવામાં આવેલી પરવાના વિશેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પીએફએ એકટ હેઠળ નમુના લઈ પૃથ્થકરણ સારું પબ્લીક એનાલીસ્ટને મોકલી પૃથ્થકરણ કરાવી ચકાસણી થઈ શકે. તેઓએ પીએફએ એકટ હેઠળનું લાયસન્સ લેવું જરૂરી છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં આપેલ પ્રત્યુત્તર સંદર્ભે પીએફએ એકટમાં લાયસન્સ લેવાના આધારો શું રાખ્યા છે તેવું જણાવશો. જે અંગે અરજદારે મુળ અરજીથી અલાયદો અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે.આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં મુદ્દા નં. ૨ સિવાયની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારે અપીલ તબકકે મુદ્દા નં.૧ અને ૩ અંગે મુળ અરજીથી આપેલ માહિતી સંદર્ભે મુળ અરજીથી માંગેલ માહિતીમાં સમાવિષ્ટ નહીં થતાં પૂરક પ્રશ્નો ઉપસ્થિત કરેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૧ અને ૩ અંગે પુરી પડાયેલ છે. પરંતુ મુદ્દા નં.૨ અંગે મીનરલ વોટર સપ્લાયર્સએ પાણી બાબતમાં શું તકેદારી રાખવી જોઈએ તે બાબતે માત્ર કાયદામાં નિર્દિષ્ટ ધારાધોરણ મુજબનું પાણી હોવું જોઈએ તેટલી જ માહિતી આપેલ છે જે પર્યાપ્ત ગણાય નહી. આ અંગે જાહેર માહિતી અધિકારીએ કાયદાના નિર્દિષ્ટ ધારાધોરણ જણાવવા જોઈએ અથવા જો વેબસાઈટ પર પી.એ.ડી. માં મુકેલ હોય તો તેનો અગર કાયદાની કલમનો સંદર્ભ જણાવી અરજદાર ઈચ્છુક હોય તો તેની નકલો પૂરી પાડવા પ્રસ્તાવ કરવો જોઈએ જેથી મુદ્દા નં.૨ અંગે ઈ.ચા. ડે.કમિ (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી ફુડને તે મુજબની માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા જણાવવામાં આવે છે. મુદ્દા નં.૧ અને ૩ અંગે આપેલ માહિતી સંબંધી કોઈ તકરાર રહેતી ન હોઈ તેટલા પૂરતી અપીલ દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો અલાયદા ઉપસ્થિત કરેલ મુદ્દા અંગે કાયદાની જોગવાઈ હેઠળ અલગ અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) ઈ.ચા. ડે.કમિ.(હે અને હો)અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય)......જાણ તથા અમલ માટે
(૨) શ્રી પંકજભાઈ પાટીલ,